# અમારી વેબસાઈટ્સ થકી હોમિયાપથી ને વધુ જાણો





અમારી વેબસાઈટ્સ ૭ આંતરાષ્ટ્રિય ભાષાઓમાં ઉપલબ્ધ છે. જેમાં અંગ્રેજી, સ્પેનીસ, ફ્રેંચ, જાપાનીઝ, ચીની અને અરબી નો સમાવેશ છે.

**કોઢ પર વધૂ માહિતી માટે અમારી વેબસાઈટ જૂઓ**

www.leucoderma.com



## જનરલ વેબસાઈટ્સ

askdrshah.com
e-homoeopathy.com
classicalhomoeopathy.com
lifeforce.in

## અન્ય રોગ સંબંધિત વેબસાઈટ્સ

alopeciaareata.us
anxietyneurosis.com
asthma.net.in
asthmaticbronchitis.com
atopicdermatitis.us
cervicalspondylitis.us
chalazion.com
eczematreatment.us
e-hepatitis-c.com
e-psoriasis.com
fissure-in-ano.com
frequentcolds.com
gerdtreatment.us
hairfalling.com
irritablebowelsyndrome.us
leucoderma.com
lesspain.us
lichenplanus.com
migrainetreatment.us
nephroticsyndrome.com
prostatitis.com
savetonsils.com
skin.ae
sleeplessness.us
trigeminalneuralgia.us
ulcerativecolitis.us
underactivethyroid.com
urticaria.com

An ISO 9001: 2000 Certified Clinic

World's first ISO 9001:2000 Certified Homoeopathic Clinic with a Research wing

LifeForce
HOMEOPATHY


**Life Force Center**
415, Krushal Commercial Complex,
Above Shopper's Stop, 4th Floor,
G.M. Road, Chembur,
Mumbai 400 089. India
Tel.: 91-22-67978289, 67993242,
91-22-67031855, 67030800
Fax: 91-22-67978290
E-mail: info@askdrshah.com
Time: 9.00 a.m. to 8.00 p.m.


© Homoeopathy India Pvt. Ltd. All rights reserved.

LifeForce
HOMEOPATHY

# નિર્દોષ, સામાજીક બિમારી

# કોઢ

# (Vitiligo)



Research based Homoeopathy





## કોઢ શું છે?

તબિબી ભાષામાં વિટિલીગો (vitiligo), અંગ્રેજીમાં લ્યુકોડર્મા (leucoderma) અને ગુજરાતીમાં કોઢ તરીકે ઓળખાતી બિમારીમાં ચામડી પોતાનો રંગ (મીલેનીન – melanin) ગુમાવી દે છે. તબિબી દ્રષ્ટિએ આ ગંભીર બિમારી નથી. વાસ્તવમાં, ભારતીય લોકો કોઢને સામાજીક દુષણ ગણીને જરૂર કરતા વધારે મહત્વ આપીને આ બિમારીથી ડરે છે. કોઢ નિર્દોષ ગણી શકાય તેવી હાનીરહિત સામાજીક બિમારી છે.

ભારતમાં ૮% અને વિ  માં ૨-૩% લોકોમાં કોઢ જોવા મળે છે. કોઢ બાળકો, સ્ત્રીઓ તથા પુરૂષોમાં કોઈપણ ઉમરે થઈ શકે છે.

## કોઢ શરીરનાં કયા ભાગમા થઈ શકે?

કોઈપણ ભાગમા કોઢનાં ચાંઠા છુટા-છવાયા, એકલ-દોકલ, નાનકડા અથવા તો મોટા તથા ખૂબજ ફેલાયેલા હોઈ શકે. આંગળીનાં ટેરવા, હોઠ, જાતિય અંગોમાં, તથા શરીરનાં બન્ને ભાગમાં એક સમાન (symmetrical) રીતે થયેલા કોઢની સારવાર મૂશ્કેલ અથવા અશક્ય હોઈ શકે.

## કોઢનાં કારણો:

કોઢની બિમારીનાં કારણો સંપૂર્ણપણે હજી સમજી શકાયા નથી. કોઢ માટે એક કરતા વધારે કારણો જવાબદાર હોય તેમ અભ્યાસે જણાય છે, જેમ કે:




કોઢના કારણોની પાછળની પ્રક્રિયામાં ઑટોઈમ્યુનીટી (autoimmunity) કાર્યશીલ છે. એટલે કે શરીરનાં પોતાના કોષો (સૅલ્સ) વચ્ચે થતી અથડામણ, જેથી લઈને રંગના કોષો (melanocytes) નો નાશ થાય છે અથવા તો તેઓ યોગ્ય માત્રામાં રંગ (melanin) ઉત્પન્ન કરી શકતા નથી.

## કોઢ શું નથી?

કોઢ ગંભીર બિમારી નથી. કોઢ કોઈ શ્રાપ કે પાપનું પરિણામ નથી. કોઢ ચેપી  કે જન્તુજન્ય નથી. કોઢ એ કૃષ્ઠ રોગ (લેપ્રસી-leprosy) નથી. કોઢયુકત ચામડીમાં કોઈ દોષ કે ગંદકી નથી હોતી. કોઢયુકત બિમારી તબીબી દ્રષ્ટિએ શરદી, ડાયાબીટીસ, હાઈબ્લડપ્રેશર, ટી.બી, કૅન્સર વગેરે બિમારીઓ કરતા ઓછી ત્રાસદાયક છે એમ કહી શકાય.

## કોઢનો હોમિયોપથિક ઇલાજ:

હોમિયોપથિક દવા બે રીતે કામ કરે છે: (૧) રંગ કોષ (melanin) નો નાશ થતો અટકાવે છે (૨) રંગકોષની ઉત્પત્તીની ક્રિયાને સતેજ કરે છે.

હોમિયાપથી દવા (માત્ર ખાવાની, લગાડવાની નહી) કોઢનાં ચાંઠાઓમાં નવીન રંગ લાવી શકે છે તથા તેની વધવાની ક્રિયાને ધીમી કરી શકે છે અથવા અટકાવી શકે છે. હોમિયોપથિક દવા સંપૂર્ણ નિદોર્ષ તથા આડ અસરથી મુકત છે.

## હોમિયોપથી દ્વારા કેટલો સુધારો થાય?

છુટા છવાયા, નાના (૧/૨ સેન્ટીમીટરથી ૫ સેન્ટીમીટર), શરીરની એક બાજુનાં ચાંઠાઓ, બહુ વર્ષો જૂના ન હોય તો, ઘણો સુધારો થઈ શકે છે. ઘણા કિસ્સાઓમા સંપૂર્ણ પણે પણ મટી શકે છે. જે દર્દીઓને મોટા ચાંઠાઓ, શરીરની બંને બાજુ એક સરખા (symmetrical), આંગળીઓના ટેરવા અથવા ગુપ્તઅંગો અથવા હોઠ પર અસર થઈ હોય તેવા કિસ્સાઓમા થોડોજ સુધારો થઈ શકે પરંતુ સંપૂર્ણપણે મટી શકે નહી. હોમિયોપથિક દવાથી લગભગ દરેક કિસ્સાઓમા કોઢનો વધતો પ્રભાવ અટકાવી શકાય છે. કોઢમા દરેક દર્દીને સંપૂર્ણ સુધારો થાય તેવો દાવો હોમિયોપથિક દવાથી (કે અન્ય કોઈ દવાઓથી) કરી શકાય નહી.

હોમિયોપથિક દવાઓ શરીરની ઇમ્યુન સીસ્ટમ, અનુવાંશીક અસર




*અમારા સેન્ટર પર લેવાયેલા દર્દીઓના મૂળ ફોટા

(જીનેટીક ટેન્ડન્સી), માનસિક તથા શારીરિક કારણો વગેરેને સમજીને નક્કી થાય છે, જે દર્દીની બિમારીમાં લાંબા સમય માટે અથવા હંમેશ માટે સુધારો લાવી શકે છે.

## કોઢ અને ખોરાકમાં પરહેજી:



અમુક ખોરાક જેમકે ખાટુ દહી, ખાટા ફળો (સંતરા લિંબુ, દ્રાક્ષ), ખાટા અથાણા, વગેરેથી રંગકોષોની બનવાની પ્રક્રિયામાં (વધુ pH કારણે) ખલેલ પહોંચે છે, જેથી કરીને કોઢના વધવાની શક્યતા રહે છે. માછલીમાં પાણીમાંથી આવેલા ઈન્ડસ્ટ્રીયલ રસાયણો દ્વારા પણ કોઢ વધી શકે તેવી શક્યતા રહે છે.

## કોઢ માટે ટાર્ગેટેડ ફોટોથેરપી અને હોમિયોપથી:

ફોટોથેરપી એટલે ફોટો (પ્રકાશ), થેરપી(સારાવાર): પ્રકાશના કિરણો દ્વારા સારવાર. વર્ષોના સંશોધનથી પ્રમાણિત થયું છે કે વિવિધ કિરણો, (UVA, UVB), ખાસ કરીને ચામડીના રોગોને મટાડવામાં મદદ કરે છે.

ટાર્ગેટેડ ફોટોથેરપી એ નવીન તથા આધુનિક પ્રકારની ફોટોથેરપી છે. આ આધુનિક ચિકિત્સા પદ્ધતિમાં કિરણો દ્વારા માત્ર રોગગ્રસ્ત ચામડીને નિશાન કરી, જરૂર મુજબની માત્રાનો ડોઝ (કોમ્પ્યુટર દ્વારા નક્કી કરી) આપીને સારવાર આપવામાં આવે છે.

હોમિયોપથી પદ્ધતિ રોગને બહારથી દવા લગાડીને મટાડવામાં વિ  ાસ કરતી નથી. ટાર્ગેટેડ ફોટોથેરપી જે ચામડીને બહારથી, દવા વગર મટાડવાની ક્ષમતા ધરાવે છે, જેનો સમજપૂર્વક વૈજ્ઞાનિક સમન્વય હોમિયોપથી સાથે કરવાથી કોઢની સારવારમાં ક્રાંતિ લાવશે.

## ઈન્ટરનેટ પર હોમિયોપથિક સારવાર:

હોમિયોપથી ઈંડિયા ફાઉન્ડેશને ઈન્ટરનેટ દ્વારા હોમિયોપથિક સારવારની આગેવાની ૧૯૯૫ થી કરી છે. ૧૨૨ દેશોના દર્દીઓનાં સતત સંપર્ક અને વાર્તાલાપને કારણે, અમે સારવારની એક ઉપયોગી પધ્ધતિ રચી શક્યા છીએ, જેથી અંતરની દૂરીની મર્યાદા રહેતી નથી.

**સારવાર પહેલા** | **સારવાર પછી**



વધુ ફોટા માટે અમારી વેબસાઈટ જુઓ www.leucoderma.com/cases.htm

## દર્દીઓનાં અનુભવ:



હું મારા દિકરાની સારવાર તમારી આપેલી હોમિયોપથિક દવાથી કરુ છુ. એની બિમારીમા સુધારો જોઈને મને હોમિયોપથિક સારવાર પર વિ  ાસ બેઠો છે. એને ઠીક કરવા બદલ આપનો ખૂબ આભાર, હવે એની ચામડી પર મને નવા કોઈ ડાઘ દેખાતા નથી.

– ધનૂશેનના પિતા, ઉતમા સેલાંગોર, મલેશિયા

મારા પુત્ર એલબર્ટો મેન્ડોઝાની તબીયત હવે ઘણી સારી છે, એના સફેદ ડાઘ હોમિયોપથિક દવા લીધા પછી દેખાવાના ખૂબ ઓછા થઈ ગયા છે.

– એલબર્ટો મેન્ડોઝાની માતા, અમેરીકા

પહેલાજ અઠવાડિયામાં દવાની આટલી સરસ અસર જોઈને હુ ચકિત થઈ ગયો. દવા ચાલુ કરવાના પહેલાજ મહિનામાં મારા ગાલ પરનો ડાઘ મટી ગયો અને અન્ય ડાઘાઓમાં ચામડીનો રંગ આવવા માંડયો અને સહુથી મહત્વનું કે મને નવા ડાઘ આવવાનું બંધ થઈ ગયુ. મારા નીચેના હોઠના અને હોઠના ખુણા પરના ડાઘ સાવ મટી ગયા. મારા ચહેરા પર સ્મિત પાછુ લાવવા માટે તમારો આભાર અને ધન્યવાદ.

– શાઝા અબ્યુશામેહ, અમેરીકા

હું ફક્ત પાંચ અઠવાડિયાથી દવા ખાઉં છુ પણ મને ઘણોજ ફરક દેખાય છે. ઘુટણ પાછળના ડાઘ તો મટી ગયા છે, ઘુટણ અને કોણી પરના ડાઘમાં પણ ચામડીનો રંગ નોર્મલ થવા માંડયો છે. મારા કાંડા પરના ડાઘ પણ હવે સફેદ નથી દેખાતા.

– જોસફિન હરકીન્સ, ઈંગ્લેન્ડ

હોમિયોપથિક દવાથી મારા દિકરાને ફાયદો થયો છે, એની ચામડી પરના સફેદ ડાઘા પણ મટી ગયા છે.

– અમોલ જૈનની માતા, ભારત

મારા ૮ વર્ષીય દિકરા ઝાઈન ને કોઢના ડાઘ હતા. અમેરીકા માં રહેતા છતાએ કોઈ પણ યોગ્ય સારવાર ન મળી. મે ઈન્ટરનેટ પર ડૉ.શાહ ની સારવારની માહિતી જોતાજ દવા મંગાવવાનુ નક્કી કર્યુ. બે વર્ષની સારવાર લીધા પછી એના એકપણ સફેદ ડાઘા દેખાતા નથી. ડૉ.શાહએ એક પેશન્ટ ને તો સાજો કરીજ આપ્યો પણ એની સાથેજ પિતાની ચિંતા પણ દૂર કરી દીધી.

– ઝાઈનનાં પિતા, મલ્લીક ખાન, અમેરીકા

અન્ય દર્દીઓના અનુભવો માટે અમારી વેબસાઈટ જુઓ
www.leucoderma.com/testimonials.htm

## ડૉ. રાજેશ શાહ, M.D. (Hom.)
## ડૉ. રૂપલ શાહ, M.D. (Hom.)





ડૉ. રાજેશ શાહ અને ડૉ. રૂપલ શાહ મુંબઈમાં પ્રેક્ટિસ કરે છે. તેમણે વીસ વર્ષ સુધી હોમિયોપથીનો ઊંડો અભ્યાસ કર્યો છે. તેઓ પ્રેક્ટિશનરો અને શિક્ષકો માટે ઈંગ્લેન્ડ, હોલૅન્ડ, બેલ્જિયમ, ઝેક રિપબ્લિક, ગ્રીસ, સ્વીડન, યુ.એસ.એ, આયરલૅન્ડ, ક્રોએશિયા, નોર્વે, જાપાન વગેરે દેશોમાં સેમિનારો અને વર્કશૉપ્સનું આયોજન કરે છે.

તેઓ બંને હોમિયોપથી ઇંડિયા પ્રા. લિ. અને હોમિયોપથી ઈંડિયા ફાઉન્ડેશન ના ડાયરેક્ટર, હોમિયોપથી ટાઈમ્સના તંત્રી છે. ડૉ. રાજેશ શાહ 'My Experiences with Ferrum Metallicum' ના લેખક છે. આ સંશોધન આધારિત પુસ્તક ૧૯૯૨માં પ્રગટ થયું હતું. ડૉ. શાહ યુગલે Lichen Planus and its Homeopathic Treatment (2003) અને Urticaria and its Homeopathic Treatment (2006) પુસ્તીકાઓ લખી છે. ડૉ.રાજેશ શાહ મુંબઈ યુનિવર્સિટીના નેજા હેઠળ, C.M.P.H Medical College ઍન્ડ હૉસ્પિટલમાં વિઝિટિંગ લેક્ચરર અને ફિઝિશિયન હતા. મુંબઈ, લંડન, ન્યુ યૉર્ક વગેરેમાં ટેલિવિઝન પર તેમનો ઘણી વાર ઈન્ટરવ્યુ લેવાયો છે. તેમણે હોમિયોપથી પર ઘણા વૈજ્ઞાનિક પેપર લખ્યાં છે જે વિવિધ આંતરરાષ્ટ્રીય સામયિકોમાં પ્રકાશિત થયાં છે. તેઓ ઘણા સંશોધન પ્રૉજેક્ટ્સમાં કાર્યશીલ છે. ઑસ્ટ્રેલિયાની યુનિવર્સિટીની H.S.C. ધોરણનાં હેલ્થ વિશેનાં પુસ્તકમાટે તેઓએ હોમીયોપથી વિષે ચેપ્ટર લખ્યું છે.

### લાઈફ ફોર્સ સેંટર

Research based
Homoeopathy

લાઈફ ફોર્સ દુનિયાનુ સર્વપ્રથમ રીસર્ચ વિંગ સાથે સંકળાયલુ ISO 9001:2000 પ્રમાણિત હોમીયોપથીક ક્લિનિક છે. લાઈફ ફોર્સ ભારત અને દુનિયાભરની હોમિયોપથીના આધુનિક, નવેસરની વિચારણા ધરાવતા, વૈજ્ઞાનિક અને સંશોધન આધારિત સ્વરૂપનો ધબકાર ઝીલે છે. તે ડૉ. રાજેશ શાહ અને ડૉ. રૂપલ શાહના બે દાયકાના અનુભવ અને અથાગ સાધનાનું યશસ્વી ફળ છે. લાઈફ ફોર્સ નવા યુગ તરફ આગળ વધી રહ્યું છે અને દુનિયાભરના લોકોમા હોમિયોપથિક સ્વાસ્થ્ય સંભાળનાં નવા ધોરણો સ્થાપે છે. પાછલાં ૨૦ વર્ષ દરમિયાન, દુનિયાભરના ૧૨૨ દેશોનાં દર્દીઓની જટીલ બિમારીની સારવાર પર ધ્યાન કેન્દ્રિત કરીને, એવા દર્દીઓને સાજા કરવાની નિપુણતા પ્રાપ્ત કરાઈ છે. લાઈફ ફોર્સ શ્રેષ્ઠ હોમિયોપથિક સારવાર આપવા કટિબધ્ધ છે.

### વિ  ભરમાં પ્રેક્ટિસ, રિસર્ચ, હોમિયોપથિનો પ્રચાર, મેડીકલ ટ્રેનીંગ



લાઈફ ફોર્સ વૈ  કક્લિનિક છે અને તે દુનિયાની કોઈ પણ વ્યક્તિને હોમિયોપથિક સારવાર પહોંચાડી શકે છે. તેણે હાલમાં ૧૨૨ દેશોના દરદીઓની સારવાર કરીને વિ  વિક્રમ સર્જયો છે. સંશોધન વિભાગ સાથે જોડાયેલું હોમિયોપથિક ક્લિનિક એ લાઈફ ફોર્સનો આધાર છે. ડૉ. શાહે ઘણી નવી મેડિસિન મોલેક્યુલ્સ પ્રસ્તુત કરી છે અને તેમનું સંશોધન ચાલુ જ છે. તે લાઈફ ફોર્સમાં થતી પ્રેક્ટિસનું પીઠબળ છે. અહી બધા કેસોની વૈજ્ઞાનિક નોંધ કરાય છે જેના આધારે આંકડાકીય અભ્યાસ શક્ય બને છે.

3 steps to Treatment | 1 Make payment | 2 Reply to Questionnaire | 3 Receive Medicine

### પોસ્ટ દ્વારા હોમિયોપથી સારવાર:



ઘણા દર્દીઓ અમારા સેંટર પર પ્રત્યક્ષ આવી શકતા નથી, અને એ લોકો જેમની પાસે ઈન્ટરનેટની સુવિધા હોતી નથી. લાઈફ ફોર્સ આવા દર્દીઓ માટે પોસ્ટ અને ફોન દ્વારા સારવારની સુવિધા આપે છે. દર્દીઓ સારવાર માટે રજીસ્ટર થાય એ પછી તેઓને એક ખાસ પ્રશ્નપત્ર પોસ્ટ / ઈ-મેલ / ફેકસ દ્વારા મોકલવામા આવે છે. દર્દીઓએ આ પ્રશ્નપત્રિકાના ઉત્તર અમારી પાસે મોકલાવા જરૂરી છે. સાથે જો તેઓ બિમારી ગ્રસ્ત ભાગના ફોટા અને બાયોપ્સી રિપોર્ટ (કરેલો હોય તો) મોકલે, તો ડૉ.શાહ ને બિમારી સમજવામા અનુકૂળતા મળે. દર્દીનો કેસ અમારા ડૉક્ટર્સ ફોન પર પણ લઈ શકે છે. તે ઉપરાંત ડૉ.શાહ કેસનો અભ્યાસ કરીને સારવાર નક્કી કરે છે, જે દવા પોસ્ટ દ્વારા વિ  ના કોઈ પણ ભાગમાં પહોંચાડવાની સુવિધા છે.

### અમારી ઓનલાઈન સપોર્ટ સિસ્ટમ:



ઓનલાઈન દર્દીઓની સહાયતા માટે ડૉ.શાહ ની ટીમનાં ડૉકટર્સ અને સ્ટાફ સતત ઉપલબ્ધ હોય છે. વિ  ના કોઈપણ ભાગથી દર્દી અમારા ક્લિનિક સાથે આસાનીથી સંપર્ક કરી શકે છે. પોતે ક્લિનિક આવીને (સોમવાર થી શનિવાર), ઈ-મેલ દ્વારા(૨૪/૭), અમારી વેબસાઈટ્સ પર થતી લાઈવ ચૅટ દ્વારા(સોમવાર થી શનિવાર – દિવસના ૧૧ કલાક), પોસ્ટ દ્વારા, ટોલફ્રી નમ્બર પર (અમેરિકા/કેનેડા), કોલ બૅક સુવિધા વડે દર્દીઓ સારવાર ચાલુ કરતા પહેલા, અને તે દરમિયાન, ડૉ.શાહ તથા તેમના સ્ટાફ સાથે માર્ગદર્શન માટે સંપર્ક કરી શકે છે.